# ૪. ત્રિષષ્ઠી શલાકાપુરુષ.

'ત્રિષષ્ટિ શલાકાપુરુષ' કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે સંસ્કૃતમાં લખેલો લગભગ ૩૬ હજાર શ્લોકપ્રમાણ મહાગ્રંથ છે. એમાં જૈન ધર્મમાં અવિચળ સ્થાન છે તેવા ૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્તીઓ, ૯ વસુદેવો, ૯ બલદેવો, અને ૯ પ્રતિવાસુદેવો એમ કુલ ૬૩ પ્રખ્યાત પવિત્ર પુરુષોનાં જીવન-ચરિત્રો વિગત સાથે રસપ્રદ કથાના રૂપમાં આપવામાં આવ્યાં છે. અહીં મહાપુરુષોનાં જીવન (ઈતિહાસની) મહત્ત્વની બધી જ ઘટનાઓને સાંકળી લઈને એમના પૂર્વભવની કથા પણ આપવામાં આવી છે.

શલાકા-પુરુષોના ચરિત્રની પરંપરા પ્રાચીન છે. ઋષભદેવ, અરીષ્ટનેમિ, પાર્શ્વનાથ અને મહાવીરનાં ચરિત્રો કલ્પસૂત્રમાં છે. તેવી રીતે પ્રાકૃત ભાષાના 'વસુદેવ-હિંડી'માં ઋષભદેવ આદિ તિર્થંકરો, વસુદેવ અને ભરતાદિ ચક્રવર્તીઓની કથા મળે છે. આ પહેલાં અને પછી વિવિધ પ્રાકૃત ગ્રંથોમાં આ શલાકાપુરુષોની જીવનકથા સ્વતંત્ર રીતે પણ લખવામાં આવી છે. શીલાંકાચાર્યે ૫૪ શલાકા પુરુષોનાં ચરિત્રો લખ્યાં છે, તો વિમલસૂરિએ પઉમચરિયમાં રામકથા અને હરિવંશમાં કૃષ્ણકથા લખી છે.

ચરિત્રની આ સુદીર્ઘ પરંપરાને કુમારપાળ મહારાજાની વિનંતિનો સ્વીકાર કરી હેમચંદ્રાચાર્યે પોતાની સર્જક અને જ્ઞાનપ્રતિભાથી પોતાના સંસ્કૃતગ્રંથમાં ઉતારી અને ચરિતસાહિત્યમાં સર્વોત્તમ શિખર સિદ્ધ કર્યું છે.

અત્યંત રસાળ શૈલીમાં હેમચંદ્રાચાર્યે શલાકાપુરુષોના જીવનનું આલેખન કર્યું છે. તેમાં વિવિધ ઘટનાઓનું આલેખન કર્યું છે. આથી નવમી સદીના આ ગ્રંથમાં જૈન ધર્મના મહાપુરુષોનાં જીવનચરિત્રો તો અમર થયાં, એ સાથે જ એમાં જૈન ધર્મના ઉદ્‌ભવ-વિકાસનો ઈતિહાસ જળવાયો અને ભારતની અને વિશેષતઃ ગુજરાતની તત્કાલીન રાજકીય, સામાજિક, ધાર્મિક અને આર્થિક પરિસ્થિતિનું પણ દસ્તાવેજી રૂપ જળવાયું છે. આ દ્રષ્ટિએ આ ગ્રંથ  ભારતીય સંસ્કૃતિના દસ્તાવેજ જેવો પણ છે.

આ ગ્રંથમાં ધર્મ અને ધર્મપુરુષોનો ઈતિહાસ છે તે સાથે જ અનેક કથાઓ પણ અહીં મળે છે. જીવનપ્રસંગોને ચિત્રાત્મકલ નાટ્યાત્મક અને રસાળ વર્ણન દ્વારા વિગત સાથે આલેખ્યા છે. તથા કથાશાસ્ત્ર, લોકવિદ્યા, સમાજશાસ્ત્ર, વગેરેની દ્રષ્ટિએ પણ આ ગ્રંથ ઉપયોગી છે. આજથી હજાર વર્ષ પહેલાંનો સમાજ કેવો હતો, ખાનપાન-વસ્ત્રાભૂષણ-રીતરિવાજ વગેરે કેવાં હતાં, લગ્નના અને દીક્ષાના માંગલિક પ્રસંગો કેવી રીતે ઉજવવામાં આવતા હતા, કેવી કેવી લોકમાન્યતાઓ પ્રવર્તતી હીત, કેવી કેવી લૌકિક વિધિઓનું પ્રાચીનકાળે અસ્તિત્વ હતું, કેવાં પ્રકારના ઉત્સવો, ધાર્મિક સત્રો, મેળાવડા, મેળા વગેરે ઉત્સાહથી ઉજવાતા દિનચર્યા અને જીવનધોરણ કેવાં કેટલાં આનંદ, યાતના, દુ:ખદર્દ, પ્રશ્નો, સમસ્યાઓ હતી તે બધું જ આ ગ્રંથ દ્વારા દસ્તાવેજી રૂપમાં જાણી શકાય છે. એક જ દષ્ટાંતથી વાત કરીએ તો ભગવાન ઋષભદેવનાં લગ્નના વર્ણનમાં પીઠી, મહેંદી ચિત્રામણ, ફુલેકું, વરયાન, તોરણ, હસ્તમેળાપ, ચોરી, વિદાય, વગેરેનું વર્ણન છે તે સાથે તે તે વિધિઓ અને પેટા વિધિઓમાં થતી ક્રિયાઓનું સવિગત વર્ણન છે, તે સાથે જ એમાં ગવાતાં માંગલિક લગ્નગીતો-ધવલગીત, ધોળ-તેમજ વિનોદગીત - ફટાણાંની વિગતો છે. જે આજ સુધી આ બધુ વર્તમાનમાં પણ જોવા મળે છે. આમ આ ગ્રંથ કાવ્ય, સાહિત્ય, ઈતિહાસ, ઉપમા, વૈરાગ્ય, ધર્મ,સાધના, સિદ્ધિની અપેક્ષાએ દસ્તાવેજી પ્રમાણ મળે છે. શિરમોર સ્થાન ધરાવે છે. અને જૈન રામાયણ - મહાભારતનું સર્વાંગ સુંદર નિરૂપણ પણ કરવામાં આવ્યું છે.

આ ગ્રંથના ગુજરાતી ભાષાતંર પણ પ્રસિદ્ધ થઈ ગયાં છે. નાની-મોટી-આવુત્તિઓ પણ મળે છે. ખરેખર સમૃદ્ધ સાહિત્ય કે શ્રદ્ધા, ભક્તિ, જ્ઞાન, આશ્ચર્ય, આચરણ, જીવનઆદર્શ વગેરે વિવિધ દ્રષ્ટિઓને વધારનાર ગ્રંથ તરીકે આ ગ્રંથ એક વાર વાંચવો જોઈએ.